1500 કરોડના ચકચારી NA કૌભાંડમાં

સુરેન્દ્રનગરના તત્કાલીન કલેક્ટર ડૉ.રાજેન્દ્રકુમાર પટેલની ધરપકડ

કોર્ટે આગામી 7 જાન્યુઆરી સુધીનાં રિમાન્ડ મંજૂર કર્યા

ગાંધીનગર : અંદાજિત રૂા.1500 કરોડના એનએ - જમીન કૌભાંડમાં હવે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી) દ્વારા આજે સુરેન્દ્રનગરના કલેકટર ડૉ રાજેન્દ્રકુમાર પટેલની ધરપકડ કરીને તેમને રિમાન્ડ લેવાની તજવીજ ચાલી રહી છે. ડૉ પટેલને આજે અમદાવાદમાં સ્પેશિયલ કોર્ટ સમક્ષ રિમાન્ડ અરજી સાથે રજૂ કરાયા હતા. કોર્ટે તેમના 7 જાન્યુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યાં છે. ઈડીની જુદી જુદી ત્રણ ટીમો દ્વારા તેમની પુછપરછ કરાઈ છે. અગાઉ ઈડી દ્વારા સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર ઓફિસના નાયબ મામલતદાર ચંન્દ્રસિંહ મોરીની ધરપકડ કરીને તેના નિવાસ્થાનેથી 67.50 લાખની રોકડ જપ્ત કરી લીધી હતી.

ઈડીની પુછપરછ દરમ્યાન નાયબ મામલતદાર મોરીએ જ વટાણા વેરી નાંખ્યા હતા. તેણે જમીન એનએ કરવામાં ખુદ કલેકટરની સંડોવણી હોવાનું સ્પષ્ટ નિવેદન ઈડીની ટીમ સમક્ષ આપ્યુ છે. ખાસ ઉલ્લેખનીય છે કે ઈડીની ટીમે જ્યારે દરોડા પાડયા ત્યારે સુરેન્દ્રનગર કલેકટર ડૉ રાજેન્દ્ર પટેલના નિવાસ્થાનેથી સોલાર પ્રોજેક્ટ સહિત જુદી જુદી એનએન સહિતની 100 ફાઈલોની વિગતો મળી છે. જયારે આ ફાઈલો પણ ત્યા જ પડી હતી. સુરેન્દ્રનગર કલેકટર તથા તેમના નાયબ મામલતદાર ચંન્દ્રસિંહ મોરી , કલેકટરના પીએસ જયરાજસિંહ ઝાલા તથા કલાર્ક મયૂરસિંહલ ગોહિલના મોબાઈલ ફોનમાં ઈડીની ટીમને એએ જમીન કૌભાંડના મહત્વના પુરાવાઓ તથા લાંચ લીધી હોવાની વિગતો તથા હિસાબ પણ મળી આવ્યો છે. કલેકટરના બંગલે એનએ - જમીનની 100 ફાઈલો તથા તેના પેપર્સ મળી આવ્યા છે. આ સમગ્ર ભ્રષ્ટ ગેંગ દ્વારા પહેલા તો એનએની પ્રક્રિયા વિલંબમાં નાંખવામાં આવતી હતી. તે પછી જો ઝડપથી કામ કરાવવું હોય તે સ્પીડ મની તરીકે એનએ કરવા માટે રૂપિયા આપવા પડશે, તેવુ કહીને ચો.મી દીઠ રૂપિયા આપવા પડશે ,તેવુ અરજદારને કહેવામાં આવતુ હતું. આ રીતે વચેટિયા, એજન્ટો અને સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર ઓફિસના અધિકારીઓ દ્વારા રીતસરનું ખંડણીનું કૌભાંડ ચાલી રહ્યું હતું. જો કે સૌથી મહત્વની બાબત એ છે કે ઈડીની ટીમે સુરેન્દ્રનગર કલેકટર ડૉ રાજેન્દ્રકુમાર પટેલ સામે દરોડાની કાર્યવાહી હાથ ધરતાં પહેલા ભાજપના દિલ્હી દરબારમાંથી પોલીટિકલ ક્લિયરન્સ મેળવી લીધુ હતું. નાયબ મામલતદાર ચંન્દ્રસિંહ મોરીને હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરેથી 67.50 લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી, જે લાંચની રકમ હોવાનું માનવામાં આવે છે. ક રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી કલેક્ટર રાજેન્દ્ર પટેલની બદલી કરી તેમને વેઈટિંગ પર મૂક્યા છે. સુરેન્દ્રનગરનો વધારાનો ચાર્જ ડીડીઓ કે.એસ. યાજ્ઞિકને સોંપાયો છે. સોલાર પ્રોજેકટના એક ઉદ્યોગપતિએ છેક પીએમઓ સુધી લાંચની ફરિયાદ કરતાં ઈડીએ દરોડાની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં કોલ્ડવેવની અસર, નલિયા 10.8 ડિગ્રીમાં ઠુંઠવાયું

ગાંધીનગર: રાજ્યમાં સતત ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આજે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં 10.8 ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. હજુયે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે. રાજ્યના વિવિધ ભાગોમાં રાત્રીના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે માવઠાની ચેતવણી હવે હવામાન વિભાગે હટાવી લીધી છે. ઉત્તર - પૂર્વીય - પૂર્વીય પવનોના કારણે ઠંડી યથાવત રહેશે. હવામાન વિભાગના સુત્રો મુજબ આજે ભૂજમાં 13 ડિ.સે., નલિયામાં 11 ડિ.સે., કંડલા પોર્ટ પર 15 ડિ.સે., અમરેલીમાં 13 ડિ.સે., ભાવનગરમાં 17 ડિ.સે., રાજકોટમાં 14 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 14 ડિ.સે., મહુવામાં 16 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 13 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે., વડોદરામાં 16 ડિ.સે. અને સુરતમાં 17 ડિ.સે. જ્યારે દમણમાં 19 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

રેઢિયાળ વહીવટને કારણે ઈન્દોરમાં નર્મદાનાં પાણીમાં ગટરનું પાણી ભળી ગયું

મધ્યપ્રદેશના જે ઈન્દોર શહેરને સતત સાત વર્ષથી દેશના સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ મળ્યો છે, તેની પોલ ખુલ્લી થઈ ગઈ છે. ઈન્દોરના ભગીરથપુરામાં નર્મદા નદીની પાઇપલાઇનમાં ડ્રેનેજ લાઇનનું પાણી ભળવાથી પાણી ગંદું થઈ ગયું હતું. આ ગંદું પાણી પીવાને કારણે આ વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૪ લોકોનાં મોત થયાં છે અને સેંકડો લોકો બીમાર પડી ગયાં છે. રાજ્ય સરકારના મંત્રી કૈલાસ વિજયવર્ગીયે સ્વીકાર્યું કે આઠથી નવ લોકોનાં મોત થયાં છે. રાજ્ય સરકારે આ મામલાની તપાસ માટે એક સમિતિની રચના કરી છે. દૂષિત પાણી પીવાના કારણે બીમાર પડેલાં ઘણાં લોકોને વિવિધ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યાં છે, પરંતુ સરકારના રેઢિયાળ વહીવટને કારણે દસ દિવસથી વધુ સમય પછી પણ ભગીરથપુરાના તમામ વિસ્તારોમાં સ્વચ્છ પીવાનું પાણી પહોંચ્યું નથી. ઇન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન હજુ સુધી શોધી શક્યું નથી કે આ ગંદું પાણી પાઇપલાઇનમાં ક્યાંથી ભળી ગયું છે. આ બાબતે મધ્યપ્રદેશ સરકારના મંત્રી કૈલાસ વિજયવર્ગીયે કહ્યું કે લગભગ ૧,૪૦૦ થી ૧,૫૦૦ લોકો અસરગ્રસ્ત થયાં હતાં, જેમાંથી ૧૯૮ લોકો હોસ્પિટલમાં છે. હવે વધુ બે લોકોને દાખલ કરવામાં આવ્યાં છે.

ઇન્દોરમાં પીવાનાં પાણીમાં ગટરનું પાણી ભળી જવાની સમસ્યા આજકાલની નથી પણ ઘણા સમયથી અસ્તિત્વમાં છે. એક સ્થાનિક મહિલાએ કહ્યું કે ડ્રેનેજ લાઇન પર કોઈ ધ્યાન આપી રહ્યું નથી. તેને પીવાના પાણીની લાઇન સાથે જોડવામાં આવી રહી છે, પરંતુ તેની સંભાળ રાખવા માટે કોઈ નથી. અમે છેલ્લાં દોઢ વર્ષથી પીડાઈ રહ્યાં છીએ. ફરિયાદ કર્યા પછી પણ કોઈ સાંભળતું નથી. વહીવટીતંત્ર તરફથી હજુ સુધી કોઈ પણ પરિસ્થિતિની તપાસ કરવા આવ્યું નથી. પાણી પુરવઠો હજુ પણ દૂષિત છે. ઇન્દોરના જે વિસ્તારમાં દૂષિત પાણીથી તબાહી મચી રહી છે તે ભગીરથપુરા વિસ્તાર ઇન્દોર વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય કૈલાસ વિજયવર્ગીય અહીંનું પ્રતિનિધિત્વ કરે છે. ઇન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન પણ મધ્ય પ્રદેશના શહેરી વહીવટ મંત્રી કૈલાસ વિજયવર્ગીયના અધિકારક્ષેત્ર હેઠળ જ આવે છે.

દૂષિત પાણીના કારણે મૃત્યુ પામેલા પાંચ મહિનાના બાળક અવ્યાન સાહુના પિતા સુનીલ સાહુએ જણાવ્યું કે તેમના પરિવારમાં તેમનાં માતાપિતા, પત્ની અને દસ વર્ષની પુત્રીનો સમાવેશ થાય છે. સુનીલ સાહુ કુરિયરનું કામ કરે છે. પાંચ મહિના પહેલાં જ તેમને ત્યાં અવ્યાનનો જન્મ થયો હતો. માતાના દૂધ ઉપરાંત, બાળકને બહારનું દૂધ પાણીમાં ભેળવીને આપવામાં આવતું હતું. નર્મદાનું પાણી દૂષિત છે કે નહીં તે ખબર નહોતી. જ્યારે બહારનાં લોકોએ ઘણાં બાળકો બિમાર હોવાની જાણ કરી, ત્યારે સ્પષ્ટ થયું કે નર્મદાનું પાણી દૂષિત છે. ૨૬ ડિસેમ્બરે બાળકને અચાનક ઝાડા થવાની ફરિયાદ થઈ. તેને પડોશના ડોક્ટર પાસે લઈ જવામાં આવ્યો, પરંતુ દવા લીધા પછી પણ તેની હાલતમાં કોઈ સુધારો થયો નહીં. ૨૯ ડિસેમ્બરની સાંજે સતત ઝાડાને કારણે તેની હાલત વધુ ખરાબ થઈ ત્યારે તેને ડોક્ટર પાસે લઈ જવામાં આવ્યો હતો. તેની તપાસ કર્યા પછી ડોક્ટરે કહ્યું કે ઘણું મોડું થઈ ગયું છે. અવ્યાનનું મૃત્યુ થઈ ગયું છે. વહીવટીતંત્રે ખાતરી કરવી જોઈએ કે આવું બીજા કોઈ સાથે ન થાય. દોષિત ઠરનારાંઓને કડક કાર્યવાહીનો સામનો કરવો જોઈએ.

એક દરજી સંજય ચાદવે કહ્યું કે મારી ૬૯ વર્ષીય માતાને દૂષિત પાણી પીધા પછી ૨૬ ડિસેમ્બરની સાંજે ઊલટી અને ઝાડા થવા લાગ્યા હતા. તેમને દવા આપવામાં આવી હતી, પરંતુ જ્યારે તે કામ ન કરતી ત્યારે તેમને કાપડ બજાર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી. જો કે, ૨૨ કલાકની સારવાર પછી તેમનું અવસાન થયું. સંજય ચાદવે કહ્યું કે તેમનું ૧૧ મહિનાનું બાળક હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. તેમની હાલતમાં થોડો સુધારો થયો છે, પરંતુ તેમને હજુ પણ ઝાડા છે. તેમનો પાડોશી પણ બિમાર છે. ભગીરથપુરામાં રહેતા ૭૬ વર્ષીય નિવૃત્ત રેલ્વે કર્મચારી નંદલાલ પાલની પુત્રી સુધા પાલે જણાવ્યું કે તેમના પિતાને બે-ત્રણ દિવસથી ઉલટી અને ઝાડા થઈ રહ્યા હતા. તેમને વર્મા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમની સ્થિતિમાં કોઈ સુધારો થયો ન હતો. સુધા પાલે જણાવ્યું કે ૩૦ ડિસેમ્બરે તેના પિતાનું ચેપથી મૃત્યુ થયું હતું.

દૂષિત પાણી પીવાથી ૫૦ વર્ષીય સીમા પ્રજાપતનું પણ મૃત્યુ થયું હતું. તેમના પુત્ર, અરુણ પ્રજાપતે કહ્યું કે ૨૮ ડિસેમ્બરની રાત્રે, મારી માતાએ પરિવાર સાથે રાત્રિભોજન કર્યું હતું, પરંતુ ૨૯ ડિસેમ્બરની સવારે તે બિમાર પડી ગઈ. તેને ઉલટી અને ઝાડા થવા લાગ્યા. અરુણ પ્રજાપતે તેને હોસ્પિટલ લઈ જવાનું શરૂ કર્યું પણ રસ્તામાં જ તેનું મોત થઈ ગયું. પાણી કડવું હતું, પણ અમને ખબર નહોતી કે તે જીવલેણ છે. પડોશમાં એક છોકરી બિમાર પડી. લોકો બીમાર છે, પણ અહીં પાણી નથી. અમારે એ જ પાણી પીવું પડે છે. અત્યાર સુધી અમારી શેરીમાં કોઈ આવ્યું નથી. ફક્ત કાઉન્સિલર આવ્યા હતા. અમે તેમને કહ્યું કે પાણી ગંદું છે, પણ તેઓ પાછા ફર્યા નથી.

ઇન્દોરમાં દૂષિત પાણીને કારણે થયેલા મૃત્યુના કિસ્સામાં શહેરી વહીવટ મંત્રી કૈલાસ વિજયવર્ગીયએ સ્વીકાર્યું કે ભૂલ થઈ હતી. આ ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે. મ્યુનિસિપલ ઝોનના અધિકારીઓ અને કર્મચારીઓની બેદરકારીને કારણે આ ઘટના બની હતી. જ્યારે દૂષિત પાણી પુરવઠાની જાણ થઈ ત્યારે કર્મચારીઓએ લોકોને પાણીનો વપરાશ ન કરવા માટે જાહેરાત કરવી જોઈતી હતી. તેમણે પાણીનાં ટેન્કરો મોકલવાં જોઈતાં હતાં. ભૂલ તેમની હતી, તેથી તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ તપાસ સમિતિની રચના કરી છે. જે કોઈ બેદરકારી દાખવશે તેને છોડવામાં આવશે નહીં. સરકારે મૃતકોનાં પરિવારજનોને ૨ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આ જ વિસ્તારમાં રહેતી સપના પાલે કહ્યું કે હજુ સુધી સમસ્યાનો કોઈ ઉકેલ મળ્યો નથી. ફક્ત ORSનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. તેમની શેરીમાં એક વ્યક્તિનું ઝાડાથી મૃત્યુ થયું છે. ગંદાં પાણીનો ભોગ બનેલાં લોકોને હજુ પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યાં છે.

મધ્યપ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જીતુ પટવારી પણ ઇન્દોરમાં દૂષિત પાણીના કેસના સંદર્ભમાં હોસ્પિટલમાં પહોંચ્યા અને દર્દીઓને મળ્યા હતા. તેમણે કહ્યું કે ઇન્દોર ઝેરી પાણી પી રહ્યું છે. મધ્ય પ્રદેશ કોંગ્રેસ સમિતિએ એક તપાસ સમિતિની પણ રચના કરી છે, જેમાં ધારાસભ્યો અને ભૂતપૂર્વ મંત્રીઓનો સમાવેશ થાય છે. દરમિયાન, મુખ્યમંત્રી મોહન યાદવે ૩૧ ડિસેમ્બરે દૂષિત પાણી પીવાથી બીમાર પડેલાં લોકોને જ્યાં દાખલ કર્યાં હતાં તે હોસ્પિટલોની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે દૂષિત પાણી સંબંધિત કેસમાં ૪૦ હજારથી વધુ લોકોની તપાસ કરવામાં આવી છે. હોસ્પિટલમાં દાખલ ૨૨૧ લોકોમાંથી ૫૦ લોકો હવે સ્વસ્થ થઈને ઘરે પરત ફર્યાં છે. જ્યારે કૈલાસ વિજયવર્ગીય ભગીરથપુરા પહોંચ્યા ત્યારે તેમને સ્થાનિક લોકોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો. તેઓ પરિસ્થિતિ જોવા માટે પોતાની બાઇક પર પહોંચ્યા હતા. લોકોએ તેમને આ વિસ્તારની ભયાનક પરિસ્થિતિ વિશે ફરિયાદ કરી હતી, પરંતુ તેઓ પોતાની બાઇક પર જતા રહ્યા હતા.

ઇન્દોરના દૂષિત પાણી કૌભાંડમાં એક નવો ખુલાસો થયો છે. લેબ રિપોર્ટે બધાને ચોંકાવી દીધાં છે. ભગીરથપુરાના આ વિસ્તારમાં દૂષિત પાણીમાં ખતરનાક બેક્ટેરિયા મળી આવ્યા છે, જે મૃત્યુનું કારણ બની રહ્યા છે. ઇન્દોરના દૂષિત પાણી કૌભાંડમાં માનવમળ અને પેશાબમાં જોવા મળતાં બેક્ટેરિયા જેવાં જ બેક્ટેરિયા હોવાનું જાણવા મળ્યું છે. પાણીના નમૂનાઓનું પરીક્ષણ MGM મેડિકલ કોલેજ લેબમાં કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભગીરથપુરામાં પોલીસ ચોકી પાસે મુખ્ય પીવાના પાણીની પાઇપલાઇનમાં લીકેજ જોવા મળ્યું હતું, જ્યાં એક શૌચાલય આવેલું છે. અધિકારીઓનો દાવો છે કે આ લીકેજ પાણીને દૂષિત કરે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઇન્દોરમાં પીવાનાં પાણીમાં ગટરનું પાણી ભળી જવાની સમસ્યા ઘણા સમયથી અસ્તિત્વમાં છે. એક સ્થાનિક મહિલાએ કહ્યું કે ફરિયાદો કરવા છતાં ડ્રેનેજ લાઇન પર કોઈ ધ્યાન આપી રહ્યું નથી

DGP તરીકે નિમણૂક અપાશે કે નહીં ? તે અંગે જોરદાર ચર્ચા શરૂ થઇ

IPS શમશેરસિંઘની ગુજરાતમાં ફરી એન્ટ્રી

ગાંધીનગર : રાજય સરકારે તાજેતરમાં ઈન્ચાર્જ ડીજીપી તરીકે ડૉ. કે. એલ. એન. રાવની નિમણૂકનો આદેશ બહાર પાડયા પછી હવે ગુજરાતમાં સીનિયર આઈપીએસ શમશેરસિંઘની એન્ટ્રી થઈ છે. જેના પગલે શુ કરવા શમશેરસિંઘને ડીજીપી તરીકે નિમણૂક અપાશે કે નહીં ? તે મુદ્દે સચિવાલયના ગલિયારાઓમાં જોરદાર ચર્ચા શરૂ થઈ જવા પામી છે.

સીનિયર આઈપીએસ ડૉ. શમશેર સિંઘને ગુજરાત કેડરમાં પરત ફરવાની કેન્દ્ર સરકાર તરફથી લીલીઝંડી મળી ગઈ છે. હવે શમશેરસિંઘને ઈન્ચાર્જ ડીજીપી તરીકે જવાબદારી સોંપાઈ શકે છે. આઈપીએસ ડૉ. શમશેર સિંઘ આગામી માર્ચ 2026 માં નિવૃત્ત થઈ રહ્યાં છે. ત્યારે વર્તમાન ઈન્ચાર્જ ડીજીપી ડૉ. કે. એલ. એન. રાવ પાસેથી શમશેર સિંઘને ચાર્જ સોંપાઈ શકે છે. 2025 ના વર્ષની શરૂઆતમાં જ ગુજરાતમાં 1991ની બેચના આઈપીએસ અધિકારી ડૉ. શમશેરસિંઘને કેન્દ્ર સ્તરે મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. આઈપીએસ ડૉ. શમશેર સિંઘને બીએસએફને એડીજીપી બનાવાયા હતા, ડૉ તેમને ડીજીપી બનાવાય તો આગામી માર્ચ 2026 સુધી પદ સંભળી શકશે. અલબત્ત કોને ડીજીપી બનાવાશે , તે મુદ્દે સરકારમાં સસ્પેન્સ યથાવત રહ્યું છે.

બગદાણાની ઘટના બે વ્યક્તિની આંતરિક બાબત

પાયાવિહોણી આક્ષેપબાજી કરવી એ જ કોંગ્રેસનું એકમાત્ર કામ : ભાજપ

ગાંધીનગર : કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ દ્વારા બગદાણામાં થયેલી ઘટના અંગે સોશિયલ મીડિયા એપ પર મુકેલી પોસ્ટ અંગે પ્રતિક્રિયા આપતા ભાજપ પ્રવક્તાએ જણાવ્યું હતુ કે, કોંગ્રેસની રાજનીતિ માત્ર સોશિયલ મીડિયા એપ પર દરેક મુદ્દા ઉપર ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ પાયાવિહોણી આક્ષેપબાજી કરવા સુધી જ સીમિત થઈ ગઈ છે. વાસ્તવિક રીતે કોંગ્રેસનું જમીન સાથેનું જોડાણ છૂટી ગયું છે, માટે જનતા કોંગ્રેસને સતત જાકારો આપે છે.

બગદાણામાં થયેલી ઘટના એ બે વ્યક્તિઓ વચ્ચેનો મામલો છે જે અંગે તંત્ર દ્વારા ફરિયાદના આધારે એફ.આઈ.આર નોંધી આગળની કાર્યવાહી કરાઈ રહી છે. બે વ્યક્તિ વચ્ચેના મુદ્દે પણ કોંગ્રેસ રાજનીતિ સાથે જોડી રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર ગુનેગારોને બક્ષવામાં નહીં, કાયદો વ્યવસ્થાના સંદર્ભમાં ઝીરો ટોલરન્સ નીતિ સાથે ગુનેગારને કાયદા આધારિત સજા મળે તેમાં માને છે. ગુનેગાર કોઈપણ હોય, ભાજપા સરકાર 'ઓનલી પ્રોસિક્યુશન, નો પોલિટિકલ પ્રોટેક્શન'ની નીતિથી ચાલે છે.

BUSINESS મિત્ર

સેન્સેક્સ 573 પોઈન્ટ ઉછળ્યો, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 4.5 લાખ કરોડનો જંગી વધારો; નિફ્ટી 26,340ની ઓલટાઇમ હાઇ પર

નિફ્ટીએ બનાવ્યો નવો રેકોર્ડ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: નવા વર્ષ 2026ના બીજા દિવસે અને સપ્તાહના અંતિમ દિવસે નિફ્ટીએ નવી ઓલટાઇમ હાઇ હાંસલ કરી હતી, તે જ સમયે સેન્સ્ક્સ 573 પોઇન્ટ ઉછળ્યો હતો. જેમાં બ્રોડર માર્કેટમાં તેજી જળવાઇ રહી હતી અને મિડકેપ તથા સ્મોલકેપ શેરોમાં પણ મજબૂતાઇ જોવા મળી હતી. જેના લીધે રોકાણકારોએ રૂ. 4.5 લાખ કરોડની કમાણી કરી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો એફએમસીજી સેકટર સિવાયના અન્ય તમામ સકેટરો પોઝિટિવ બંધ રહ્યા હતા. જેમાં ઓટો, મેટલ, કેપિટલ ગુડઝ, મીડિયા, રિયલ્ટી, કન્ઝયુમર ડયુરેબલ્સ, પાવર અને પીએશયુ બેન્ક શેરોમાં ઉચાળો જોવાયો હતો.

મજબૂત ઓટો વેચાણ ડેટા અને સતત ખરીદીના રસ પર આશાવાદ દ્વારા સમર્થિત બજારનું સેન્ટિમેન્ટ સમગ્ર સત્ર દરમ્યાન હકારાત્મક રહ્યું હતું. રોકાણકારો હવે આગામી કમાણીની સિઝન તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આજે નિફ્ટીએ 26340 પોઇન્ટની નવી રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે બેન્ક નિફ્ટી 60203.75 પોઇન્ટની ઓલટાઇમ હાઇએ પહોંચ્યો હતો.

બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન વધીને 481.29 લાખ કરોડ થયું છે, જે અગાઉના કારોબારી દિવસે રૂ. 476.92 લાખ કરોડ હતું. આ રીતે બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓની માર્ખેટ કેપમાં આજે લગભગ રૂ. 4.37 લાખ કરોડ વધી ગઇ છે, જે રોકાણકારોએ કમાણી કરી છે.

બીએસઇ સેન્સેક્સ 573.41 પોઇન્ટ એટલે કે 0.67 ટકા વધીને 85762.01 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડે સેન્સેક્સ 85812 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 85068 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 182 પોઇન્ટ એટલે કે 0.70 ટકા વધીને 26300ની સપાટી કુદાવીને 26328.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 26340 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26118 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 439.40 પોઇન્ટ એટલે કે 0.74 ટકા વધીને 60000 પોઇન્ટની સપાટી કુદાવીને 60150.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બ્રોડર માર્કેટએ ફ્રન્ટલાઇન શેરોને પાછળ છોડી દીધા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.97 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.79 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યા હતા. બીએસઇ ખાતે 2780 શેરો વધ્યા હતા, જ્યારે 1444 શેરો ઘટ્યા હતા અને 147 શેરો યથાવત રહ્યા હતા.

આજે રિયલ્ટી શેરોમાં મજબૂતાઇ જોવા મળી હતી. નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 1.52 ટકા ઉછળ્યા હતા. જેમાં અનંતરાજ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ઓબરોય રિયલ્ટી, શોભા, ફોનીક્સ મીલ્સ, લોઢા ડેવલપર્સ, ડીએલએફ, પ્રેસ્ટીજ એસ્ટેટ વધ્યા હતા.

બીએસઇ ખાતે લેમન ટ્રી હોટલ્સ 13.23 ગણા, દેવયાની ઇન્ટરનેશનલ 8.28 ગણા, સેફાયર ફુડ્સ ઇન્ડિયા 5.88 ગણા, ટ્રેન્ટ લિ. 5.6 ગણા અને ઇન્ડિયામાર્ટ 5.04 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે દેવયાની ઇન્ટરનેશનલ 12.08 ગણા, આઇડીબીઆઇ બેન્ક 10.02 ગણા, એસજેવીએન લિ. 9.84 ગણા, ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેકટીફાયર્સ 7.02 ગણા અને એલીકોન એન્જિનીયરીંગ 6.98 ગણા કામકાજ નોંધાયા છે.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો નવા વર્ષની શરૂઆત પોઝિટિવ કરી હતી અને સકારાત્મક વલણ સાથે આગળ વધ્યા હતા.નવા વર્ષની શરૂઆતમાં એશિયન બજારો ઉંચા બંધ રહ્યા હતા. જેમાં હોંગકોંગ અને દક્ષિણ કોરિયા ઉંચા બંધ રહ્યા હતા. જ્યારે દક્ષિણ કોરિયાના ખોસ્પી ઇન્ડેક્સ એક નવો રેકોર્ડ બનાવ્યો હતો. જેણે સમગ્ર ક્ષેત્રમાં રોકાણકારોનું સેન્ટિમેન્ટ વધાર્યુ હતું. જ્યારે જાપાન અને મુખ્ય ભૂમિ ચીન સહિતના કેટલાક એશિયન બજારો હજુય પણ રજાઓ માટે બંધ હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.48 ટકા, કેક 0.33 ટકા અને ડેક્સ 0.57 ટકા સુધરા સાથે આગળ વધ્યા હતા. જ્યારે એશિયન બજારોમાં સ્ટ્રેઇટસ 0.21 ટકા, હેંગસેંગ 2.68 ટકા, તાઇવાન 1.32 ટકા, કોસ્પી 2.22 ટકા, જકાર્તા 1.16 ટકા અને શાંઘાઇ 0.09 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો તૂટીને ફરીથી 90ને પાર

કરન્સી બજારમાં ડોલરની મજબૂતાઇ જોવા મળી હતી અને ફરી એકવાર 90ની સપાટી કુદાવી હતી. આજે ડોલરની સામે રૂપિયો 22 પૈસા તૂટીને 90.19ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.97ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.11, પાઉન્ડ 121.89, કેનેડિયન ડોલર 65.83, ઓસ્ટ્રેલિયન ડોલર 60.43, જાપાનીઝ યેન 0.5749 અને સીંગાપોર ડોલર 69.92ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.17 રૂ.
યુરો	106.11 રૂ.
પાઉન્ડ	121.89 રૂ.
યેન	0.5749 રૂ.

સેન્સેક્સ	573.41	85762.01
નિફ્ટી	182.00	26328.55
બેન્ક નિફ્ટી	439.40	60150.95

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોલ ઇન્ડિયા	6.85	427.90
એનટીપીસી	4.70	352.10
હિન્દાલ્કો	3.44	925.70
ટ્રેન્ટ	2.61	4409.60
જિયો ફાઇનાન્શીયલ	2.03	301.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	3.79	350.05
નેસલે ઇન્ડિયા	1.18	1279.70
કોટક મહિન્દ્રા બેન્ક	1.02	2195.10
શ્રીરામ ફાઇ.	0.92	1010.35
એક્સીસ બેન્ક	0.59	1266.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	4.67	352.00
ટ્રેન્ટ	2.58	4408.80
બજાજ ફાઇનાન્સ	1.84	990.10
પાવરગ્રીડ	1.57	271.05
એસબીઆઇ	1.49	999.35

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	3.79	350.15
કોટક મહિન્દ્રા બેન્ક	1.04	2195.10
એક્સીસ બેન્ક	0.36	1269.70
ભારતી એરટેલ	0.09	2108.20
ઇન્ટરગ્લોબ એવીએશન	0.05	5106.45

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફલાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૬૦	તલતેલ	૪૬૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૬૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૬૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-